જૈન સાધુસંમેલન અને પંચાંગી આધારે પ્રશ્નોનો નિર્ણય (!)*

पुरिसा सच्चमेव समभिजाणाहि, सच्चस्स आणाए उवट्ठिए से मेहावी मारं तरइ ।
—आयारंगं ॥

'ભાવિ જૈન સાધુસંમેલનમાં અત્યારના ચર્ચાસ્પદ પ્રશ્નોનો નિર્ણય કેમ લાવવો ?' એ માટે જે અનેક વાતો ઉચ્ચારાઈ રહી છે, તેમાંની એક વાત ખાસ કરીને સૌનું ધ્યાન ખેંચી રહી છે. એ વાત બીજી કાંઈ જ નહિ કિન્તુ "પંચાંગી આધારે જ દરેક પ્રશ્નોનો નિર્ણય લાવવો," એ છે. એટલે આજે આપણે એ વિચારવું આવશ્યક છે કે, પંચાંગી એટલે શું ? 'પંચાંગી' શબ્દ ક્યારથી રૂઢ થયો છે ? પ્રાચીન કાળમાં પંચાંગી હતી કે નહિ ? હતી તો તે કઈ ? અત્યારે પંચાંગી કોને કહેવામાં આવે છે ? પંચાંગીમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે ? પંચાંગીનો અત્યારના સાધુજીવન સાથે શો અને કેટલો અન્વય અથવા સંબંધ છે ? એના આધારે નિર્ણય એટલે શું ? અને કયા પ્રશ્નોનો નિર્ણય ?

ઉપરોક્ત પ્રશ્નોની ચર્ચા કરવા અગાઉ આપણે 'આગમ એટલે શું અને શાસ્ત્ર એટલે શું ?' એ બાબત વિચારી લઈએ, કારણ કે આજે આ બન્નેના વાસ્તવિક સ્વરૂપને ન સમજવાને લીધે આગમિક તેમ જ શાસ્ત્રીય બાબતોનો નિર્ણય લાવતાં પંચાંગીને નામે ઘણો જ ગૂંચવાડો ઊભો કરવામાં આવે છે. અને તેથી લોકો ઘણા જ ગૂંચવાડામાં પડે છે.

'આગમ' અને 'શાસ્ત્ર'નો ભેદ સમજાયા પછી 'પંચાંગી દ્વારા કઈ જાતના પ્રશ્નનો ઉકેલ કેમ લાવવો ?' એ માર્ગ ઘણો જ સુગમ થઈ જાય છે. એટલે એ દૃષ્ટિએ આ બન્નેની વ્યાખ્યા ધ્યાનમાં લઈ લેવી ઇષ્ટ છે.

આગમ અને શાસ્ત્રની વ્યાખ્યા—મારી અલ્પ મતિ દ્વારા હું આગમ અને શાસ્ત્રની વ્યાખ્યા આ રીતે સમજું છું :—આગમ ત્રિકાળ-અબાધિત હોય છે; શાસ્ત્રમાં તે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ આદિના ફેરફાર સાથે મોટા ફેરફારો થઈ જાય છે. અર્થાત્ આગમિક પદાર્થોનું સ્વરૂપ સદાય એકસરખું હોઈ આગમો હંમેશાં એકરૂપમાં કાયમ રહે છે; તેમાં ક્યારેય પણ પરિવર્તનને અવકાશ નથી હોતો; જ્યારે શાસ્ત્રીય પદાર્થો, જે એક કાળે અતિ મહત્ત્વના હોય છે, તે જ સમયના

* અમદાવાદમાં વિ. સં. ૧૯૯૦ના ફાગણ વદ ત્રીજને રોજ શરૂ થયેલ જૈન સાધુસંમેલન અગાઉ લખાયેલો લેખ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વહેવા સાથે નિરુપયોગી નીવડે છે અને તેનું સ્થાન બીજા પદાર્થો લે છે. આગમિક પદાર્થો એટલે તત્ત્વજ્ઞાન અને શાસ્ત્રીય પદાર્થો એટલે આપણા જીવન સાથે સંબંધ ધરાવતાં બાહ્ય આચારો, વ્યવહારો અને નિયમનો. આ બન્ને જાતના પદાર્થોના વર્ણનને લક્ષીને આપણે આગમ અને શાસ્ત્રનો વિભાગ પાડવો જોઈએ. અર્થાત્ આગમિક પદાર્થોનું જેમાં વર્ણન હોય તે શાસ્ત્ર. અથવા એમ પણ કહી શકાય કે જેમાં તત્ત્વજ્ઞાનનું પ્રતિપાદન કરવામાં આવ્યું હોય તે આગમ અને જેમાં આપણા જીવનને લગતા આચાર–વ્યવહાર અને તેની સાથે સંબંધ ધરાવનાર નિયમનોનું કથન કરવામાં આવ્યું હોય તે શાસ્ત્ર. આ દૃષ્ટિએ વિચારીએ તો, અત્યારે આપણા સમક્ષ અંગ, ઉપાંગ, છેદસૂત્રાદિ તેમ જ તેને અનુસરતા બીજા સહસ્રાવધિ ગ્રંથોરૂપ જે મહાન ગ્રંથરાશિ વિદ્યમાન છે, એ બધાય આગમિક અને શાસ્ત્રીય એમ બન્ને પ્રકારના વિષયોથી મિશ્રિત છે. એટલે કોઈ પણ પ્રશ્નનો ઉકેલ લાવવા માટે પંચાંગીનો ઉપયોગ કરવા પહેલાં આગમ અને શાસ્ત્રનું સ્વરૂપ ધ્યાનમાં લેવું ખાસ આવશ્યક છે. જો આગમ અને શાસ્ત્રના સ્વરૂપને ખ્યાલમાં લીધા સિવાય પંચાંગી આધારે દરેક પ્રશ્નનો નિર્ણય કરવાની વાતો કરવામાં આવશે તો તે વાસ્તવિક નહિ જ ગણાય. અને તે રીતે લેવાયેલા નિર્ણયો પ્રામાણિક નહિ જ ઠરે; પરંતુ તેથી ઊલટો વધારે ને વધારે ગોટાળો ઊભો થશે. અસ્તુ. હવે આપણે આપણા મુખ્ય વિષય તરફ આવીએ.

પંચાંગી—આપણે સૌએ કબૂલ કરવું જોઈએ કે, ‘પંચાંગી’ શબ્દ અત્યારે જે અર્થમાં રૂઢ છે, એ અર્થમાં તો તે ટીકાગ્રંથો રચાયા પછી જ રૂઢ થયો છે. એટલે કે નિર્યુક્તિ, સંગ્રહણી, ભાષ્ય અને ચૂર્ણિગ્રંથોની રચના થઈ ત્યાં સુધી તો આપણે જેને અત્યારે પંચાંગી તરીકે ઓળખીએ છીએ, તે અર્થમાં આ શબ્દ રૂઢ નહોતો, એ અનુમાન સહેજે નીકળી શકે છે. ત્યાર બાદ ભાષ્ય, ચૂર્ણિ, ટીકાગ્રંથોની રચના થયા પૂર્વે “પંચાંગી કે પંચાંગી શબ્દ” હતો કે નહિ એ વિચારવું બાકી રહે છે. પ્રાચીન ચૂર્ણિ આદિ ગ્રંથોમાં ક્યાંય “પંચાંગી” શબ્દ જોવામાં આવ્યો નથી. પરંતુ પાક્ષિકસૂત્રમાં પાછળના ભાગમાં, જ્યાં સૂત્રોનું કીર્તન અથવા વર્ણન છે ત્યાં આવે છે કે, “ससुत्ते सअत्थे समंथे सनिज्जुत्तिए ससंगहणिए અર્થાત્–સૂત્ર સહિત ૧, અર્થ સહિત ૨, ગ્રંથ સહિત ૩, નિર્યુક્તિ સહિત ૪, સંગ્રહણી સહિત ૫.”

આ ઉપરથી આપણને એટલું કહેવાનું બળ મળે છે કે, પાક્ષિકસૂત્રકારના જમાનામાં જોકે ભાષ્ય, ચૂર્ણિ, ટીકાગ્રંથોની રચના નહોતી જ થઈ, એમાં જરાય શંકા નથી, તેમ છતાં તે જમાનામાં ઉપર જણાવેલ સૂત્ર, અર્થ, ગ્રંથ, નિર્યુક્તિ અને સંગ્રહણીરૂપ પંચાંગી હતી. પરંતુ આ પાંચને “પંચાંગી” તરીકે ઓળખતા કે નહિ ?—એ નક્કી કરવા માટેનું ખાસ કોઈ પણ પ્રમાણ મળતું નથી, તેમ તેના હોવાની સંભાવના પણ નથી. મુનિવર શ્રીયુત કલ્યાણવિજયજીનું માનવું છે કે પાક્ષિકસૂત્રમાં જણાવેલ ઉપરોક્ત પાંચ વસ્તુઓ એ તે જમાનાની પંચાંગીરૂપ છે. આજકાલ આપણે સૂત્ર ઉપર જે પાંચ પ્રકારની વ્યાખ્યાઓ અર્થાત્ નિર્યુક્તિ, સંગ્રહણી, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકા છે એને પંચાંગી તરીકે સ્વીકારીએ છીએ. આ પાંચમાં નિર્યુક્તિ, સંગ્રહણી અને ભાષ્ય એ ગાથા–છંદોબદ્ધ પ્રાકૃત ટીકા છે, ચૂર્ણિ ગદ્યબંધ પ્રાકૃત ટીકા છે, અને ટીકા એ સંસ્કૃત ભાષાપ્રધાન ટીકા છે. એકંદર આ પાંચે મૂળ સૂત્ર ઉપરની વિવિધ પ્રકારની વ્યાખ્યાઓ છે. વાર્તિક, અવચૂર્ણિ, ટિપ્પનક આદિ જે વિવિધ પ્રકારની નાની–મોટી સૂત્રટીકાઓ મળે છે, એ બધાંનો સમાવેશ “ટીકા” શબ્દમાં જ કરી લેવાનો છે.

આજે આપણા સમક્ષ જે અંગ, ઉપાંગ, છેદશાસ્ત્ર આદિ રૂપ ગ્રંથસમૂહ અને તેને લક્ષીને નિર્માણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયેલી પંચાંગી વિદ્યમાન છે, એ પ્રત્યેક નથી આગમ કે નથી શાસ્ત્ર, કિન્તુ તેમાં આગમિક એટલે તત્ત્વજ્ઞાન અને શાસ્ત્રીય એટલે આપણા માનવજીવન સાથે સંબંધ ધરાવતા બાહ્ય આચારાદિને લગતાં નિયમનોનું નિરૂપણ હોઈ એ દરેક ગ્રંથ મિશ્રરૂપ છે. એટલે આના દ્વારા આગામી જૈન સાધુસંમેલન સમક્ષ ઉપસ્થિત થનાર વિવિધ ધાર્મિક–સામાજિક પ્રશ્નોનો ઉકેલ કરતાં પહેલાં ઉપરોક્ત બન્નેય પ્રકારના અર્થાત્ આગમિક અને શાસ્ત્રીય પ્રશ્નોનો વિભાગ કરી લેવો જ જોઈએ. આ બે વિભાગોનો નિર્ણય નહિ થાય અને આપણે સૌ માત્ર એમ જ કથા કરીશું કે, "બધાય પ્રશ્નોનો ઉકેલ પંચાંગી આધારે લાવવો." તો સૌએ યાદ રાખવું કે, આજના સળગતા ભીષણ પ્રશ્નોનો ઉકેલ ક્યારેય પણ આવવાનો નથી. અને એ જ કારણથી સાધુસંમેલન માટે સત્પ્રવૃત્તિ કરનાર અને તે માટે અનુમોદન આપનાર દરેકેદરેક પ્રત્યે મારી નમ્ર વિનંતી છે કે, પંચાંગી આધારે દરેક પ્રશ્નોનો ઉકેલ આણવાની મોહક જાળમાં કોઈ ન મૂંઝાય, તેમ જ વાસ્તવિક હિતનો વિચાર કરી, આ માટેનો આગ્રહ પણ કોઈ ન રાખે.

પંચાંગી આધારે દરેક પ્રશ્નોનો ઉકેલ લાવવાની વાતો કરતાં પહેલાં આપણે એ જ વિચારવું જોઈએ કે, જૈન આગમ અને તેને લક્ષીને નિર્માણ કરાયેલ પંચાંગી પૈકીના એક પણ અક્ષરનો અત્યારના આપણા જીવન-પ્રસંગો સાથે કશોય મેળ છે? આજે આચારાંગસૂત્ર, ઉત્તરાધ્યયનસૂત્ર, દશવૈકાલિકસૂત્ર આદિ પ્રમાણે આપણામાંનો કયો જૈન સાધુ જીવન વિતાવે છે? પિંડૈષણાધ્યયન, પિંડનિર્યુક્તિ આદિ શાસ્ત્રાનુસાર કયો જૈન મુનિ ગૌચરચર્યા ચરે છે અર્થાત્ ભિક્ષા લે છે? બૃહત્કલ્પસૂત્ર, વ્યવહાર, નિશીથ, દશાકલ્પ આદિ છેદશાસ્ત્રો મુજબ કયો જૈન ભિક્ષુ પોતાના અતિચારો અને પાપોની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત લે છે? અત્યારે વિદ્યમાન આચાર્યો, ઉપાધ્યાયો, પ્રવર્તકો, અનુયોગાચાર્યો, ગણિઓ અને દરેકેદરેક જૈન મુનિઓને હું વીનવું છું કે, ઉપરોક્ત શાસ્ત્રાનુસાર જીવન વિતાડવાનો કોઈનો પણ દાવો હોય તો તે જાહેર થાય, અને નહિ તો સૌએ એ કબૂલ કરવું જ રહ્યું કે, અત્યારે આપણા જીવનમાં ઉપરોક્ત શાસ્ત્રોમાંનું કશું જ નથી. આજે કોઈ એમ કહે કે "बहुरत्ना वसुंधरा" અર્થાત્ "જગતમાં કોઈ ને કોઈ એવો હોય" તો તે વાત માનવાને હું તૈયાર નથી. અત્યારે જે આપણે પંચાંગી આધારે દરેક પ્રશ્નોનો નિર્ણય લાવવાની વાતો કરીએ છીએ, તેમાંનો તો એક પણ એવો નથી દેખાતો કે જે ઉપરોક્ત શાસ્ત્રાનુસાર પોતાનું જીવન ક્યારેય પણ વિતાડતો હોય. વધારે તો શું, પણ અત્યારના મોટામાં મોટા મનાતા કોઈ પણ જૈન આચાર્ય આદિને પૂછવામાં આવે કે તમારા ગોચરચર્યાના દોષ કયા એનું વર્ણન કરો, તો તેનું વર્ણન કરવું તો દૂર રહે પણ એ દોષોનાં નામ લેતા પણ તેઓ વિચારના વમળમાં ગોથાં ખાતાં હશે, અને એ જ દશા બીજા અનેકાનેક વિષયમાં પણ આપણે જોઈશું. આ સ્થિતિમાં એ શાસ્ત્રાનુસાર જીવનચર્યાની આશા હોય જ ક્યાંથી? હું તો એટલે સુધી કહું છું કે, વર્તમાન સમયમાં જેને શક્ય સાધુ–જીવનનો આદર્શ ગણી શકાય, એવું વિશુદ્ધ અને નિષ્કપટ જીવન વિતાડનાર વિરલ સંત પણ આપણામાંથી જડવો મુશ્કેલ છે. આજના આપણા સાધુજીવીઓની જીવનચર્યા, આચાર અને વ્યવહાર, આહાર, વિહાર અને નિહાર, વાણી અને વર્તન, સમિતિ અને ગુપ્તિ, પ્રતિક્રમણ–પડિલેહણા, જવું–આવવું ઇત્યાદિ પ્રત્યેક ક્રિયાઓ તરફ નજર કરીશું તો એક પણ ક્રિયા અણીશુદ્ધ નજરે નહિ જ આવે. આજની પ્રતિક્રમણક્રિયાને કોઈ ગમે તેટલી વ્યવસ્થિત રીતે કરવાનો દાવો કરે, તેમ છતાં એ પ્રતિક્રમણ દ્વારા જે વાસ્તવિક દોષો અને અતિચારોનો ક્રમ ગોઠવવો અને પ્રાયશ્ચિત્તાદિ દ્વારા તેનું સંશોધન કરવું એ તો નથી જ હોતું.

આ ઠેકાણે હું એટલું કબૂલ કરું છું કે—કેટલાક મુનિ મહાનુભાવો એવા સરલહૃદયી, ગુણી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેળવવાની ઇચ્છાવાળા હોય છે અને છે કે—જેઓ પ્રતિક્રમણાદિ ક્રિયામાં તેનાં સૂત્રોના અર્થનું ચિંતવન કરી પોતાની ત્રુટિને અર્થાત્ ખામીને સમજી અંતરમાંથી દુઃખી થાય છે તેમ જ પોતાના પ્રમાદને, પોતાના અજ્ઞાનને, તેમ જ પોતાના મોહજન્ય ભાવોને જરૂર અંતરથી નિંદે છે. અને એ જ રીતે જે બાબતમાં પોતે શિથિલ હોય તે દરેક માટે તેઓનો અંતરાત્મા દુભાય છે. આ જાતની પોતાની ખામીને જોઈ શકનાર ગુણવાન મહાપુરુષોને હું મારા અંતરથી અભિનંદન આપું છું અને તેવાઓને વંદનપણ કરું છું. પરંતુ હું તો અહીં એ વાત કરી રહ્યો છું કે, આચારાંગાદિ શાસ્ત્રાનુસાર સાધુજીવન વિતાડનાર અત્યારે કોણ છે? અને એના ઉત્તર રૂપે કહું છું કે, તેવો કોઈ જ નથી.

યાકિની મહત્તરાપુત્ર આચાર્ય હરિભદ્ર જેવા યોગદૃષ્ટિસમુચ્ચયના આરંભમાં લખે છે કે—"नत्वेच्छायोगतोऽयोगं योगिगम्यं जिनोत्तमं वीरं"। અર્થાત્ "યોગીગમ્ય વીર જિનેશ્વરને ઇચ્છાયોગથી નમસ્કાર કરીને." જે લોકો યોગની સાંકેતિક પરિભાષાને સમજતા હશે, તેઓ "ઇચ્છાયોગ" શબ્દથી સમજી શકશે કે, આચાર્ય હરિભદ્ર જેવા પોતાને યોગની કઈ અને કેવા પ્રકારની જઘન્ય કક્ષાએ મૂકે છે? ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય શ્રીમાન યશોવિજયોપાધ્યાય ન્યાયાલોક ગ્રંથના અંતમાં લખે છે કે—"अस्मादृशां प्रमादग्रस्तानां चरणकरणहीनानां अब्धौ पोत इवेह प्रवचनरागः शुभोपायः। અર્થાત્ "અમારા જેવા પ્રમાદી તથા ચારિત્ર અને ક્રિયાથી હીનને સમુદ્રમાં વહાણની પેઠે ધર્મ તરફ રાગ છે એ એક જ (તરવા માટે) શુભ સાધન છે." ઉપરોક્ત બન્નેય મહાપુરુષોએ પોતપોતાના ગ્રંથોમાં પ્રસંગ લાવીને ઠાલવેલા અંતરના ઊભરાથી આપણે સમજી શકીએ છીએ કે, આચારાંગાદિ શાસ્ત્રાનુસાર જીવન વિતાડવું કેટલું દુષ્કર છે. એ બાબતનો અનુભવ આ બન્ને મહાપુરુષોને કેવો અને કેટલો થયો હશે, ત્યારે જ આ જાતની વાણી તેમના હૃદયમાંથી સરી પડી છે.

આચારાંગ સૂત્રાદિની સાથે આપણા જીવનને જો આપણે ખરેખરી રીતે સરખાવીએ તો આપણે કબૂલ કરવું પડશે કે આપણામાં સાધુતાનો અંશ પણ નથી. તેમ છતાં આપણે સાધુ કહેવડાવતા હોઈએ અથવા આપણી માન્યતાનુસાર અત્યારે સાધુપણું હોય તો અત્યારની આપણી સાધુતાને લગતા આચારાદિને નિરૂપણ કરનાર શાસ્ત્ર જુદાં જ હોવાં જોઈએ; ભગવાન મહાવીરનું આચારાંગ અને આપણું આચારાંગ જુદું જ હોવું જોઈએ. આજની આપણી પિંડનિર્યુક્તિ પણ જુદી જ હોવી જોઈએ, અને આજને માટેના પ્રાયશ્ચિત્તગ્રંથો પણ જુદા જ હોવા જોઈએ.

આજે સેંકડો વર્ષોથી સાધુજીવનમાં ભીષણ પરિવર્તન અને વિકૃતિ થતાં આવ્યાં છે, તેમ છતાં તે જ પંચાંગી, તેનાં તે જ આચાર–વ્યવહાર અને નિયમનો અને લગભગ તેની તે જ પ્રાયશ્ચિત્તવ્યવસ્થાની વાતો કરે રાખી છે, એનું પરિણામ એ આવ્યું છે કે, અત્યારના આપણા સાધુજીવનની મર્યાદા શી?—એની કશી જ વ્યવસ્થા નથી રહી. આજના નવદીક્ષિતથી લઈને મોટા આચાર્ય સુધીના દરેકેદરેક અવ્યવસ્થિત દશામાં આવી ગયા છે. આ સંબંધમાં ઘણીએ માર્મિક બાબતો કહી શકાય તેમ છે, પરંતુ આ લેખ લખવાનો એવો ઇરાદો નથી કે અત્યારના આપણા મૂળ ધ્યેયને આઘાત પહોંચાડવો. આ બધુંય લખવાનો આશય એ જ છે કે આપણે સૌએ પંચાંગી આધારે આજના પ્રશ્નોનો ઉકેલ લાવવાની વાતો કરતાં પહેલાં એ વિચારવું જોઈએ કે, જે પંચાંગીની આપણે વાત કરીએ છીએ, એનો આપણા સાધુજીવન સાથે એક શતાંશ જેટલોય મેળ છે ખરો? જો એ મેળ ન હોય તો તેને આધારે આજના આપણા પ્રશ્નોનો ઉકેલ લાવવાની વાતો કરીએ એ શી રીતે ચાલી શકે? પંચાંગી આધારે આપણા સાધુજીવનના પ્રશ્નોને વિચારવા તરફ બેદરકારી રાખી, તેના દ્વારા માત્ર આપણે માની લીધેલ કે પકડી રાખેલ બે-ચાર બાબતોનો નિર્ણય લાવવાની વાતો કરીશું, તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં લોકો આપણો દંભ કે ચાલબાજી સિવાય બીજું કાંઈ જ નહિ જુએ. અને આ રીતે આપણે આપણા પ્રશ્નોનો વાસ્તવિક ઉકેલ ક્યારેય પણ લાવી શકવાના નથી.

આજે આપણા સમક્ષ ગ્રહણને લગતો એક સામાન્ય પ્રશ્ન ઉપસ્થિત થયો છે. એને માટે ભિન્ન ભિન્ન આચાર્યાદિઓ ભિન્ન ભિન્ન વાતો ઉચ્ચારે છે, એ જોઈ ખરે જ હાંસી આવે છે કે, પંચાંગી આધારે નિર્ણય લેવાની વાતો કરનાર આપણા સૌની સ્થિતિ કેવી હાસ્ય જનક છે! કોઈ એકબીજાના વિચારોની આપલે કરતા નથી, તેમ વસ્તુસ્થિતિનોય કોઈ વિચાર કરતા નથી કે, "ગ્રહણ એ શું છે? એની સાથે આપણે કેટલે અંશે લેવાદેવા છે? અને આપણી કલ્પસૂત્ર–વાચનની ક્રિયા કયા પ્રકારની છે?" અને સૌ પોતપોતાનાં મંતવ્યો જાહેર કરે જાય છે. જૈન સંપ્રદાયની માન્યતા મુજબ રાહુ નામનો એક ગ્રહ, જેનું વિમાન કાળું છે, એ સૂર્ય અને પૃથ્વીની આડે આવતાં આપણને સૂર્ય ઉપર પડતી એની છાયા દેખા દે છે. વૈદિક કાળમાં વૈદિકોની પ્રબળતાને વશ થઈ આપણે તેમનું અનુસરણ કરતા હતા, તેમ છતાં આપણી આવશ્યક ક્રિયા પ્રસંગે આપણે એને મહત્ત્વભર્યું સ્થાન નથી આપ્યું. પર્યુષણ પર્વમાં કલ્પસૂત્રના વાચનને આપણે અવશ્ય કર્તવ્ય તરીકે માનીએ છીએ, એટલે આને અંગે ગ્રહણને આટલું બધું મહત્ત્વ આપવું એ મને તો કોઈ રીતેય યોગ્ય નથી લાગતું. તેમ જે વૈદિક જમાનાની પ્રબળતાને લીધે એ નિયમન ઘડાયું છે એ કારણ અત્યારે રહ્યું નથી. વૈદિક જમાનાની અસરને લીધે આવાં અનેકાનેક નિયમનો ઘડાયાં હતાં, જેને અત્યારે આપણે વિસારી–છોડી મૂકયાં છે. તો પછી આવી બાબતને વળગી રહેવું એનો અર્થ જ શો છે? અસ્તુ.

ઉપરોક્ત ગ્રહણના પ્રશ્નને અંગે ગમે તે થાઓ, તે સાથે અત્યારે કશીય લેવાદેવા નથી. હું આથી એટલું જ કહેવા ઇચ્છું છું કે, જો આપણે પંચાંગીમાંની વસ્તુના હાર્દને–આશયને સ્થિતપ્રજ્ઞ અને સ્થિરચિત્ત થઈ નહિ વિચારીએ તો ઉપરોક્ત ગ્રહણના પ્રશ્નની જેમ દરેકેદરેક પ્રશ્નમાં ખેંચતાણ જ રહેવાની છે.

આપણે પંચાંગીને તપાસીશું તો જણાશે કે એમાં તે તે સમયમાં ભિન્ન ભિન્ન સંપ્રદાય, ભિન્ન ભિન્ન ઉપાસનાઓ અને વિધર્મી સામ્રાજ્યાદિના કારણે જે જે જાતની પરિસ્થિતિઓ ઊભી થતી ગઈ તેને લક્ષીને તે તે જાતનાં આચારો, વ્યવહારો અને નિયમનોનો ઉમેરો કરાતો ગયો. તે તે જમાનાને અનુલક્ષીને કરાયેલા એ ઉમેરાને જો આપણે પંચાંગીમાંથી બાદ કરી લઈએ તો તેમાં મુખ્ય મુખ્ય નિયમો અને ઉપનિયમો સિવાય બીજું કશુંય શેષ ન રહે. એટલે જેમ પૂર્વશાસ્ત્રકારોએ પોતપોતાના જમાનાનો વિચાર કરી નિયમો અને ઉપનિયમો ઘડ્યા હતા, તેમ ન કરતાં માત્ર પંચાંગી આધારે પ્રશ્નોનો ઉકેલ લાવવાની વાતો કરીએ એ કોઈ પણ રીતે ડહાપણભર્યું મનાય ખરું?

મને આશ્ચર્ય થાય છે કે ભગવાન વજ્રસ્વામીને ગોચરી લેવા જતાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને વિચારવાની આવશ્યકતા જણાઈ હતી, ત્યારે આપણે આપણા મહત્ત્વના પ્રશ્નો માટે એ બધાંને તરછોડી કાઢીએ અને માત્ર "પંચાંગી" "પંચાંગી" એમ ગોખતા રહીએ તો તે એક જાતની જડતા અને ઘેલછા જ ગણાશે.

એ આગમો, એ છેદશાસ્ત્રો, એ પંચાંગી વગેરે અત્યારે સોમાંથી પોણીસો બાદ કરીએ એટલુંય કામ આવે તેમ નથી. એ બધુંય માત્ર એક પ્રકારના માર્ગદર્શક તરીકે જ આપણા જીવનમાં ઉપયુક્ત થાય તેમ છે. અર્થાત્ તેમાંના ભિન્ન ભિન્ન પરિસ્થિતિમાં આપેલા નિર્ણયો અને ઘડેલા નિયમોને ધ્યાનમાં લઈ અત્યારની પરિસ્થિતિમાં આપણે શું કરવું જોઈએ?–એ દૃષ્ટિએ જ તે કામ આવે તેમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. એ સિવાય એ દરેક શાસ્ત્રો આપણા માટે દૂર ઊભા રહી બે હાથ જોડી દર્શન કરવા જેવાં છે. અત્યારના સમયમાં તેના આધારે ચાલવાનો દાવો કે વાતો કરવી એ તો વેંતિયો માણસ ભરત ચક્રવર્તીની સાથે બાથ ભીડવાની વાત કરે એના જેવું છે. તે સમયનાં નિયમનો આજે કામ આવે તેમ નથી. આજની આપણી પરિસ્થિતિ ભિન્ન છે. એટલે આજનું આપણું નિર્માણ એ પણ ભિન્ન જ હોવું જોઈએ.

અંતમાં, હું સાધુસંમેલન અંગે સત્પ્રવૃત્તિ કરનાર દરેક મહાનુભાવોને ફરી ફરીને નમ્ર વિનંતી કરું છું કે સાધુસંમેલન ભરતાં અગાઉ આ અને આના જેવી બીજી બાબતોને સ્પષ્ટ કરી નાંખજો. "પંચાંગી" શબ્દની મોહક જાળમાં ફસાઈ ન પડતા. "પંચાંગી"ના વાસ્તવિક રહસ્યનો ઉકેલ લાવજો.

પાટણ
તા. ૧–૮–૧૯૩૩

["તરુણ જૈન", તા. ૧૬-૧-૧૯૩૪ : વિ. સં. ૧૯૯૦]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org